પોલીસ કમિશ્નરની કચેરી વડોદરા શહેર.
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૨૬૫ ૨૪૨૩૯૫૦
email Address : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક:જી/સીપી/વિ.શા./જાનેરનામું/૩૫૬૬/૨૦૨૦ તા.૨૧/૦૮/૨૦૨૦

-:જાહેરનામું :-

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ તથા જી.પી.એક્ટ કલમ. ૩૭(૪) અન્વયે કાઢેલ હુકમ:

વંચાણે લીધા:-

૧ ગૃહ મંત્રાલય ભારત સરકારના હુકમ નંબર ૪૦-3/૨૦૨૦-DM-I(A) તા.૨૯/૦૭/૨૦૨૦
૨ ગુજરાત સરકાર ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ક્રમાંક:જીજી/૪૮૨/૨૦૨૦ વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૩૧/૦૭/૨૦૨૦
૩ અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક:જી/સીપી/વિ.શા/૩૫૧૩/૨૦૨૦ તા.૩૧/૦૭/૨૦૨૦
૪ ગુજરાત સરકાર, ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક:વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨/ તા.૦૮/૦૮/૨૦૨૦
૫ ગુજરાત સરકારના પર્યાવરણ વિભાગના પત્ર નંબર ઇએમવી/૧૦/૨૦૧૦/૧૦૦૪/ઇ તા.૨૬/૦૭/૨૦૧૦

સમગ્ર દેશમાં COVID 19 ની અસરોને નિયંત્રીત કરવાના The Disaster Management Act. 2005 થી મળેલ સત્તા અન્વયે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૯/૦૭/૨૦૨૦ ના હુકમ ક્રમાંક: ૪૦-3/૨૦૨૦-DM-I(A) થી માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે ગુજરાત સરકારશ્રી ગૃહ વિભાગના જાહેરનામાં ક્રમાંક: જીજી/૪૮/૨૦૨૦/વિ-૧/કઅવ/૪૮૨ થી સમગ્ર રાજયમાં તા.૨૯/૦૭/૨૦૨૦ ના ગૃહ મંત્રાલયના હુકમ સાથેની માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. તદઉપરાંત ધાર્મિક સ્થાનો અને પુજાના સ્થળો સબંધમાં કેન્દ્ર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલ SOP ને અનુલક્ષીને રાજય સરકાર દ્વારા તા.૦૭/૦૬/૨૦૨૦ ના હુકમથી જરૂરી સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

આગામી તા.૨૧/૦૮/૨૦૨૦ થી તા.૨૪/૦૮/૨૦૨૦ દરમિયાન તરણેતરનો મેળો, તા.૨૨/૦૮/૨૦૨૦ થી તા.૦૧/૦૯/૨૦૨૦ દરમિયાન ગણેશ મહોત્સવ, તા.૨૮/૦૮/૨૦૨૦ થી તા.૨૯/૦૮/૨૦૨૦ દરમિયાન રામાપીરનો મેળો, તા.૨૭/૦૮/૨૦૨૦ થી તા.૦૨/૦૯/૨૦૨૦ દરમિયાન ભાદરવી પુનમનો મેળો, તા.૨૯/૦૮/૨૦૨૦ થી તા.૩૦/૦૮/૨૦૨૦ દરમિયાન મહોરમના તહેવારની ઉજવણી થનાર છે.

રાજયમાં હાલની કોરોના મહામારીની સ્થિતી લક્ષમાં લેતા આગામી ધાર્મિક તહેવારોની જાહેરમાં ઉજવણી કરવા પર રાજય સરકારશ્રી ગૃહ વિભાગના તા.૦૮/૦૮/૨૦૨૦ ના હુકમથી પ્રતિબંધ ફરમાવેલ હોય જેને ધ્યાને લેતા તથા પર્યાવરણ (એન્વાયરમેન્ટ પ્રોટેકશન) એક્ટ -૧૯૮૬ ની કલમ-૫ મુજબ ગુજરાત સરકારના પર્યાવરણ વિભાગના પત્ર નંબર ઇએમવી/૧૦/૨૦૧૦/૧૦૦૪/ઇ તા.૨૬/૦૭/૨૦૧૦ ની સુચના અનુસાર ગુજરાત હાઇકોર્ટે તથા મહારાષ્ટ્ર હાઇકોર્ટની સુચના તથા આપેલ આદેશ અનુસાર પર્યાવરણને નુકસાન ન થાય એ હેતુ માટે સાવચેતીના ભાગ રુપે નીચે મુજબ હુકમ કરવો જરુરી છે.

વાસ્તે હું આર.બી.બ્રહ્મભટ્ટ (I.P.S) પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ નોટીફીકેશન નંબર જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલિત જાહેરનામાં નંબર જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સતા ની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૭(૪) અન્વયે તા.૨૪/૦૮/૨૦૨૦ ના કલાક ૦૦/૦૦ થી તા.૦૭/૦૯/૨૦૨૦ ના કલાક ૨૪/૦૦ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરી નીચે દર્શાવેલ કૃત્યો પર પ્રતિબંધ ફરમાવુ છું.



Scanned by CamScanner

હુકમ

૧. ધાર્મિક તહેવારોની જાહેરમાં ઉજવણી કરવા પર.

૨. શોભાયાત્રા, મેળાઓ , પગપાળા યાત્રાઓ, પદયાત્રિકો માટેના સેવા કેમ્પો કરવા પર.

૩. તાજીયાના જુલુસ તથા વિસર્જન યાત્રા /સરઘસ કે શોભાયાત્રા કાઢવા પર.

૪. કોઇપણ જાહેર સ્થળ પર કે સામુહિક રીતે સોસાયટી, મોહલ્લાના રહિશો કે મંડળો દ્વારા જાહેરમાં શ્રી ગણપતિની મુર્તિ/તાજીયાની સ્થાપના કરવા ઉપર.

૫. શ્રી ગણપતિની મૂર્તિ/તાજીયા નદી, તળાવ સહિતના કુદરતી જળ સ્ત્રોતોમાં વિસર્જન કરવા ઉપર.

૬. કોઇ એક સ્થળે એક સાથે ચાર કે તેથી વધારે વ્યકતિઓએ ભેગા થઇ શકશે નહી તેમજ દરેક વ્યકતિઓએ બે ગજનું અંતર બીનચુકે જાળવવાનું રહેશે.

ઉપરોકત બાબતો ઉપરાંત બાકીની સુચનાઓ અત્રેથી બહાર પાડવામાં આવેલ જાહેરનામા ક્રમાંક:જી/સીપી/વિશા/૩૫૧૩/૨૦૨૦ તા.૩૧/૦૭/૨૦૨૦ થી કરવામાં આવેલ હુકમ મુજબ યથાવત રહેશે.

:- વિસ્તાર :-

વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

:- શિક્ષા :-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ ની કલમ ૧૮૮ અને લાગુ અન્ય કાનુની જોગવાઇઓ સહિત The Disaster Managemant Act 2005 ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઇઓ મુજબ તેમજ જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

:- જાહેર વિજ્ઞાપન :-

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવું.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ. કોંન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮ અને લાગુ અન્ય નિયમ કાનુની જોગવાઇઓ સહિત The Disaster Managemant Act 2005 ની કલમ ૫૧ થી ૬૦ મુજબ તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ :- ૨૧ માહે - ઓગષ્ટ, ૨૦૨૦ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

(આર.બી.બ્રહ્મભટ્ટ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર.

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

deckstop/Jahernama/NDMA 09082020-Notification.docx

Scanned by CamScanner

(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ

(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ

(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

જયભારત સહ નકલ રવાના :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.

(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, સુરત શહેર.

(૫) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.

(૬) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, સોલારોડ, અમદાવાદ.

(૭) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૮) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૯) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.

(૧૦) કમિશ્નરશ્રી, માહિતી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૧) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૧૨) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.

(૧૩) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.

(૧૪) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.

(૧૫) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.

(૧૬) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા(ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)

(૧૭) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.), વડોદરા રીજીયન, વડોદરા.

(૧૮) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૧૯) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.

(૨૦) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

૨૧- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.



Scanned by CamScanner